શહેરના મોબાઈલ ટાવરોના ૨૫ કરોડથી વધુના વેરા બાકી..!

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ટાવર કંપનીઓના નામે સંબંધીત કોમ્પલેક્ષોને દિન-૭ની નોટીસ ફટકારવામાં આવી : મિલ્કત ટાંચ અથવા જપ્તી વોરંટ કાઢવા સહિતના ગંભીર પગલા લેવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મિલ્કત વેરા વસુલાતની કડક કામગીરી આરંભી દીધી છે ત્યારે ગાંધીનગર શહેરના વિવિધ કોમ્પલેક્ષો ઉપર લગાડવામાં આવેલા મોબાઈલ ટાવરોના જ રૂ. ૨૫ કરોડથી વધુના વેરા બાકી હોવાનું તંત્રને ધ્યાને આવતા તમામ ટાવર કંપનીઓના નામે સંબંધીત કોમ્પલેક્ષોમાં દિન-૭ની નોટીસો ફટકારવામાં આવી છે. ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ એક્ટ ૧૯૪૯ની કલમ-૧૪૧ મુજબ મિલ્કતવેરા વસુલાતના બાકી રકમ ઉપર ૧૮ ટકાના દરે વ્યાજ વસુલ કરવા સહિત નોટીસ મળ્યેથી દિન-૭માં રકમ ભરવામાં ન આવે તો જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓ મુજબ આ મિલ્કત ટાંચ અથવા જપ્તી વોરંટ કાઢવા સહિતના પગલા ભરવામાં આવશે તેમ તંત્ર દ્વારા આપવામાં આવેલી નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૭ ખાતેના સિદ્ધિ વિનાયક કોમ્પલેક્ષની ઉપર લગાડવામાં આવેલા રીલાયન્સના ટાવરનો અધધ... રૂ. ૫૦,૦૫,૮૨૭ની રકમનો વેરો ભરવાનો બાકી છે તે ઉપરાંત અન્ય ટાવરોના પણ ૩પથી ૫૦ લાખ સુધીના વેરા ભરવાના બાકી હોવાનું જાણવા મળતા શહેરના ટાવરોના રૂ. ૨૫ કરોડથી પણ વધુના મિલ્કત વેરા બાકી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે.

જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૫૩ ટકા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૧૯

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે જુનિયર ક્લાર્ક સહિત ત્રણ સંવર્ગની બીજા તબક્કામાં

યોજાયેલી પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.

આજે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં પણ નોંધાયેલ ઉમેદવારોના ૪૭ ટકા જેટલા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. લગ્નસરા તેમજ એક કેન્દ્ર કરતાં વધુ જગ્યાએ પરીક્ષા માટેના ભરેલા ફોર્મને કારણે આટલી મોટી સંખ્યામાં ગેરહાજરી નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૦૫ જગ્યાઓની પાંચ સંવર્ગની ભરતી માટે યોજાયેલ પરીક્ષા પાછળ ચાલીસ લાખ જેટલો જંગી ખર્ચ થયો હોવાનું જાણવા મળેલ છે.

આજે જુનિયર ક્લાર્ક સંવર્ગની પરીક્ષામાં ૫૩ ટકા પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નોંધાયેલા ૧૨૪૦૩ ઉમેદવારો પૈકી ૬૫૯૯ ઉમેદવારો હાજર રહ્યા હતા. આ બધાજ ઉમેદવારોની ઓ.એમ.આર. શીટ સ્કેન કરી અને પંચાયત સેવા પસંદગી મંડળના સર્વર પર અપલોડ કરી દેવામાં આવ્યા છે.

આજનુ જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ પણ ગુંચવાડા ઉભા કરે તેવુ હોવાની છાપ પરીક્ષાર્થીઓ સાથેની વાતચીતમાંથી ઉપસી છે.

હવે આગામી સપ્તાહમાં પસંદગી મંડળ દ્વારા તેની આન્સર કી જાહેર થશે તેમ મનાઈ રહ્યુ છે.

સે-૨૭ આનંદનગરમાં દબાણ દુર કરી પેવર બ્લોક નાંખવા વસાહતીની માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર દ્વારા સરકારી યોજના અંતર્ગત પેવર બ્લોકનું કામ સેકટરોમાં આવેલ રહેણાંક વિસ્તારમાં કરવામાં આવે છે. નગરના મોટાભાગના સેકટરોમાં પેવરબ્લોકનું કામ પૂર્ણ થઈ ગયું છે. ત્યારે આજે સેકટર-૨૭ આનંદનગરમાં આડેધડ પેવર બ્લોક નાંખવામાં આવતા આનંદ નગર વસાહત મંડળના પ્રમુખે મનપામાં રજુઆત કરી છે. જેમાં સોસાયટીમાં ઘર પાસેના ગેરકાયદેસર ઓટલા દુર કરીને પેવર બ્લોક નાંખવા રજુઆત કરાઈ છે.

આ અંગે સેકટર-૨૭ આનંદ નગર વસાહત મંડળના પ્રમુખ સુનિલ ત્રિવેદી જણાવે છે કે સેકટર-૨૭માં મોટાભાગના દરેક ઘર પાસે વાડોલીયા અને ઓટલા કરીને દબાણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર મનપાની પેવર બ્લોકની યોજના હેઠળ તંત્ર દ્વારા દબાણ દુર કર્યા બાદ પેવર બ્લોક નાંખવા માટે જણાવાયું છે. છતા સેકટર-૨૭ આનંદનગરમાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી રહી છે.

ઘર પાસે ઓટલા ત્યારબાદ પેવર બ્લોક નાંખવામાં આવતા સોસાયટીના માર્ગો પહેલે થી જ સાંકળા છે. જેમાં પેવર બ્લોક નંખતા વધુ સાંકળા થઈ જાય તેમ છે. જયારે તંત્ર દ્વારા આડેધડ દબાણ દુર કર્યા વગર પેવર બ્લોક નંખાતા મનપામાં રજુઆત કરી છે.જયારે મનપા દ્વારા કામગીરી શરુ કરવામાં આવે તો સોસાયટીની મંજુરી લેવામાં આવે છે પરંતુ આવી કોઈ મંજુરી આનંદનગર વસાહત મંડળની લેવાઈ નથી તેવું તેમનું કહેવું છે. આ અંગે મનપા દ્વારા યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે.

ભાજપ નિયુક્ત વિધાનસભા બેઠકના વાલીઓની આજે બેઠક

પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે આવતીકાલે વિધાનસભા વાલીઓની પ્રદેશ બેઠક મળનારી છે. જેમાં પક્ષના સંગઠ્ઠન અંગે પક્ષના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમોજાહેર કરવામાંઆવશે. પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે આવતીકાલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વી સતીષ, પુરૂષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાંવિધાનસભાના વાલીઓની પ્રદેશ બેઠક મળનારી છે.

બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો જિલ્લા મહાનગર પ્રભારી અને પ્રદેશ દ્વારા નિયુક્ત ૧૮૨ વિધાનસભા બેઠકમાં વાલીઓ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં સંગઠનાત્મક બાબતો ઉપરાંત પક્ષના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ આગામી ડીસેમ્બર-૨૦૧૭માં યોજાનારી છે. આ ચૂંટણીઓ આડેહવે માત્ર થોડા મહીનાઓ જ બાકી રહ્યા છે ત્યારે આગામી ચૂંટણીની તૈયારી ભાજપ દ્વારા શરૂ કરવામાં આવી છે. આ તૈયારીના ભાગરૂપે પ્રદેશ ભાજપ દ્વારા ૧૮૨ વિધાનસભા બેઠક પર વાલીઓ નિમવામાં આવ્યા હતા. આ વાલીઓએ જે તે વિધાનસભા બેઠકની સ્થાનીક રાજકીય સામાજીક પરિસ્થિતિ અંગેનો તાગ મેળવીને એક અહેવાલ તૈયાર કર્યો છે.

ગાંધીનગરથી વિસનગર-હિંમતનગર રૂટ પર મીની બસના ત્રણ ફેરા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એસટી ડેપોમાંથી રોજના હજજારો મુસાફરો રાજયના વિવિધ તાલુકા અને જિલ્લામથકની મુસાફરી કરે છે. ગાંધીનગરથી ઉતર ગુજરાતના મુસાફરો સૌથી વધુ હોય છે. ત્યારે ગાંધીનગર ડેપો દ્વારા સવાર-સાંજ વિસનગર અને હિંમતનગર રુટમાં રોજના ત્રણ ફેરા મીની બસ દ્વારા મારવામાં આવશે. આ રૂટ માં વધારો કરવામાં આવતા કર્મચારીઓ તેમજ મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર એસટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના ખોરંભે પડી છે. ડેપોમાં મુસાફરોને લગતી જરુરી સેવાઓ પણ માંડ ઉપલબ્ધ કરાઈ છે. ડેપોમાં ડ્રાઈવર અને કંડકટરની ઘટને પગલે બસ સેવામાં વિપરીત અસર ઉભી થાય છે. જયારે ગાંધીનગર ડેપોથી રોજના હજજારો મુસાફરો રોજ અપડાઉન કરે છે. વિદ્યાર્થીઓ, કર્મચારીઓનો સવિષેષ સમાવેશ થાય છે. ત્યારે હિંમતનગર અને વિસનગરના પ્રવાસીઓ વધુ હોય છે. પરંતુ ડેપો દ્વારા આ સેવામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જેને પગલે મુસાફરોને પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. જયારે ગ્રામીણ બસો પુરતા પ્રમાણમાં ન હોવાથી મુસાફરોને ખાનગી વાહનોના જીવના જોખમે મુસાફરી કરવાનો વારો આવ્યો છે. ત્યારે મુસાફરોની વારંવારની રજુઆતને પગલે ગાંધીનગર ડેપો દ્વારા હિંમતનગર અને વિસનગર માટે એક-એક મીની બસ ફાળવવામાં આવી છે. જે બસ દિવસ દરમ્યાન સવાર સાંજના થઈને ત્રણ ફેરા મારશે.

વાવોલ ગામના જરુરીયાતમંદ બાળકોને ડાકોરના દર્શન કરાવ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરુરીયાત મંદ બાળકોને તાજેતરમાં ડાકોર ખાતે શૈક્ષણિક પ્રવાસે લઈ જવાયા હતા. આ પ્રવાસમાં ૫૪ બાળકોને ડાકોર સહિત માર્ગમાં આવતા તમામ ધાર્મિક સ્થાનોની મુલાકાત પણ કરાવી હતી. આ શૈક્ષણિક પ્રવાસથી બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

વાવોલ ગામની સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં જે બાળકોએ માતા અથવા પિતાની છત્રછાયા ગુમાવી હોય તેમજ આર્થિક રીતે સધ્ધર ના હોય તેવા ૫૪ બાળકોને તાજેતરમાં શહેરના સેવાભાવી પ્રા. પૃથ્વીભાઈ શાહ દ્વારા ડાકોરના પ્રવાસનું આયોજન કરાયું હતું. આ બાળકોને ખાનગી બસમાં પ્રવાસ કરાવ્યો હતો. જેમાં જમવાની પણ વ્યવસ્થા કરાઈ હતી. ડાકોરમાં ગોમતી તળાવમાં બાળકોએ બોંટીગની પણ મજા માણી હતી.

ડાકોરથી પરત ફરતી વખતે માર્ગમાં આવતા ધાર્મિક સ્થાનોમાં લસુન્દ્રા ખાતે ગરમ પાણીના કુવા,તેમજ ઉત્કંઠેશ્વર મહાદેવના દર્શન કરીને બાળકોએ ધન્યતા અનુભવી હતી. આ યાત્રાનો તમામ ખર્ચ સેવાભાવી પ્રા. પૃથ્વીભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યો હતો. જયારે આ યાત્રાને સફળ બનાવવા શાળાના આચાર્ય દક્ષાબેન મકવાણા, શિક્ષકગણ અને સ્ટાફના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

જેસીઆઈ ગાંધીનગર દ્વારા આરોગ્યલક્ષી ફ્રી નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

જેસીઆઈ ગાંધીનગર અને દેવર્ષિ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે વાવોલ ખાતે હાડકામાં કેલ્શિયમનું પ્રમાણ ચકાસવાનો (બોન મિનરલ ડેન્સીટી) નિશુલ્ક કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હાડકાના દર્દથી પિડાતા ૨૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

માનવીના શરીરમાં હાડકાનું ખુબ મહત્વ રહેલું છે. હાડકા વગર હલન ચલન શક્ય નથી. ત્યારે શરીરમાં રહેલા હાડકાને કેલ્શિયમ મજબુત બનાવે છે. જો કેલ્શિયમનું પ્રમાણ હાડકામાં ઓછુ હોય તો હાડકા નરમ અને બરડ બની જાય છે જેને પગલે હાડકા પર સામાન્ય ઈજા પામે તો પણ હાડકામાં ફેકચર થઈ જાય છે. જેને ઓર્થોપેડીકમાં ઓસ્ટિયોપોરોસીસ નામની બિમારી તરીકે ઓળખવામાં આવે છે. આ અંગે દેવર્ષિ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડો. બિમલ મોદીના જણાવ્યા મુજબ આ

પ્રકારના રોગ માટે બેઠાડું જીવન, કસરતનો અભાવ, પોષ્ટીક આહાર, તેમજ સવારના સમયે સુર્યકિરણોનો અભાવ આના માટે જવાબદાર પરિબળ ગણાય છે.

વાવોલ દેવર્ષિ હોસ્પિટલ ખાતે આયોજીત આ કેમ્પમાં ૨૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ૨૦થી ૪૦ વર્ષની વયમાં ૩૦ ટકા યુવાનો, ૫૦ વર્ષથી વધુ વયમાં ૨૦ ટકા પુરુષો અને ૬૦ ટકા સ્ત્રીઓમાં કેલ્શિયમનું પ્રમાણ ઓછુ જણાયું હતું. આ પ્રસંગે જેસીઆઈના પ્રમુખ ડો. પરાગી ગાંધીએ દેવર્ષિ હોસ્પિટલની ટીમના સભ્યો તેમજ જેસીઆઈના હોદેદારો કાજલ વૈષ્ણવ, તેજસ ગાંધી, અવની ગાંધી,સહિતના સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

બજેટ સત્રમાં નલિયાકાંડ, નોટબંધી, બેકારી, અને ખેડૂતો છવાયેલા રહેશે

ગુજરાતમાં વિધાનસભાનું આખરી બજેટ સત્ર શરૂ સોમવારથી થઈ ગયું છે. વિધાનસભાની ચૂંટણી આવતા પહેલાં હજી એક વાર એક કે બે દિવસનું ટૂંકુ સત્ર યોજાશે અને ત્યારબાદ ચૂંટણીનો સંગ્રામ ખેલાશે. આ વખતે ગુજરાતના સળગતા પ્રશ્નોમાં ટોચકમે નલિયા સેક્સકાંડ મુખ્ય માનવામાં આવે છે. એ ઉપરાંત મોદીએ લાગુ કરેલી નોટબંધી, બેરોજગારી, ખેડૂતોના પ્રશ્નો તેમજ કથળેલું વહીવટી તંત્ર મુખ્ય હશે. પાટીદાર અનામત આંદોલનની આગ હજી શાંત પડી નથી. એ મુદ્દો પણ વિપક્ષની ઝોળીમાં આવેલો છે. વિપક્ષ કોંગ્રેસ આ મુદ્દાઓને કેવી સ્ટેટેજીથી ઉઠાવે છે તે મહત્વનું છે, કારણ કે બહુમતિના જોરે વિધાનસભામાં વિરોધ કરવા ઉભા થયેલા વિપક્ષના સભ્યોને ત્વરીત ગતિએ નેઇમ કરીને સસ્પેન્ડ કરી દેવામાં આવે છે. આ લોકસભા નથી. આ અન્ય રાજયની વિધાનસભા નથી. ગુજરાત છે. ગુજરાતની વિધાનસભા છે. મોદીએ તેમના શાસનમાં અનેક પરચા વિપક્ષને આપેલા છે. આજે તેમના અનુગામી તેમને જ અનુસરે છે. ગુજરાતમાં બહુમતિના જોરે કાયદા પણ પસાર થયા છે અને બહુમતિના જોરે વિપક્ષને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ પણ કરવામાં આવેલા છે. હાલના રાજકીય ગુજરાતના આ બહુ મોટા પ્રશ્નો છે. જો કોંગ્રેસના નેતાઓ જરા પણ પટરી પરથી ઉતર્યા તો વિધાનસભામાં માત્ર ખેલ ખલાસ!!. વિરોધ કરવાવાળું કોઈ મોજૂદ નહીં હોયપ આ સંજોગોમાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની કાબેલિયત કેવું કામ કરે છે તેની ઉપર મદાર છે.

ઓફિસરોની તંદુરસ્તી માટે કોર્પોરેટ કચેરી જેવા ફિટનેસ સેન્ટર બનાવવા જોઇએ

સચિવાલયમાં ફિટનેસ સેન્ટરની જરૂર છે..

સચિવાલય કોર્પોરેટ લૂક ધરાવે છે પરંતુ કોર્પોરેટ ઓફિસોની જેમ ફિટનેસ સેન્ટર નથી. સચિવાલયમાં હાલ આવા ફિટનેસ સેન્ટરની આવશ્યકતા છે. કોર્પોરેટ ઓફિસમાં કર્મચારીઓ માટે સવારે અને સાંજે ફિટનેસ માટેના સાધનો મોજૂદ હોય છે. ફીટ રહીને કામ કરો તો કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહેશે તેવો કોર્પોરેટ મંત્ર છે. સચિવાલયમાં મોદી હતા ત્યારે કર્મયોગીની તાલીમ આપવામાં આવતી હતી પરંતુ આજે કર્મયોગી પાછા કર્મચારી બની ગયા છે. રાજ્યના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘને કાર્ડિયાક પ્રોબ્લેમ થયો હતો. રેવન્યુ વિભાગના વડા કે.શ્રીનિવાસને પગની તકલીફ સર્જાઈ હતી. હવે ઉદ્યોગ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી અને આ મહિનામાં નિવૃત્ત થઈ રહેલા પી.કે.તનેજાને ચેસ્ટ પેઈન થતાં હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યા છે. સરકારે ઓફિસરો તેમજ કર્મચારીઓ માટે પ્રત્યેક બ્લોકના ભોંયતળીયે અથવા તો અગાસી પર ફિટનેસ સેન્ટર શરૂ કરાવવા જોઈએ કે જેથી બ્યુરોક્રેસી અને કર્મચારીઓની તંદુરસ્તી જળવાઈ રહે...

બજેટમે કુછ ખટ્ટા, કુછ મીઠા હો સકતા હૈ...

ગુજરાતમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીની સરકારનું પહેલું બજેટ અને ભાજપની સરકારનું ચૂંટણી પછીનું આખરી બજેટ ૨૧મીએ રજૂ થવાનું છે ત્યારે બજેટનું કદ વિક્રમસર્જક ૧.૭૫ લાખ કરોડના આંકડાને પાર કરી શકે છે. નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલ સામાન્ય બજેટ ૨૦૧૭-૧૮ રજૂ કરવાના છે. આ બજેટમાં નાણા વિભાગના ઉચ્ચ અધિકારીઓનું કૌવત બહાર આવશે, કારણ કે જુલાઈ મહિનાથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- જીએસટી- લાગુ થવાનો છે ત્યારે બજેટમાં એપ્રિલ થી જૂન મહિના સુધીનો વેલ્યુ એડેડ ટેક્સ —વેટ- આવે તેવી સંભાવના છે. નોટબંધી પછી કથળેલી આર્થિક સ્થિતિની અસર આ બજેટમાં જોવા મળશે. સરકારે વેટ સહિતની અન્ય મહેસૂલી આવકો કેટલી ગુમાવી તેના આંકડા જાહેર થશે. કહેવાય છે કે જીએસટી આવતાં સરકારની આવકમાં વિક્રમી વધારો થશે પરંતુ સામાન્ય લોકો મોંઘવારીનો કડવો ડોઝ અનુભવશે. ખેર... ચૂંટણીલક્ષી બજેટમાં સાડા છ કરોડની જનતા માટે સરકાર શું કરે છે તેની ઉપર સૌની નજર છે...

બે નાયબ મુખ્યપ્રધાનની ફોર્મ્યુલા...

ગુજરાતમાં મુખ્યપ્રધાન ઉપરાંત બે નાયબ મુખ્યપ્રધાનની ફોર્મ્યુલા તત્કાલિન મુખ્યપ્રધાન ચીમનભાઈ પટેલ લાવ્યા હતા. ૧૯૯૦-૧૯૯૫ની સરકારમાં એક તબક્કો એવો આવ્યો હતો કે કોંગ્રેસ સાથેના ગઠબંધનના કારણે ચીમનભાઈને બે નાયબ મુખ્યપ્રધાન બનાવવાની ફરજ પડી હતી. તેમની જનતાદળ- ગુજરાત પાર્ટીના નરહરિ અમીનને નાયબ મુખ્યપ્રધાનનું પદ આપ્યું હતું અને બીજું પદ કોંગ્રેસના સિનિયર નેતા સી.ડી.પટેલને મળ્યું હતું, પરંતુ સી.ડી.પટેલને મુખ્યપ્રધાન ચીમનભાઈ પટેલ સાથે ટકરાવ થતાં તેમણે રાજીનામું આપી દીધું હતું. હાલ ભાજપમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી છે પરંતુ પાર્ટીના ખટરાગને દૂર કરવા નિતીન પટેલને નાયબ મુખ્યપ્રધાન બનાવવાની હાઈકમાન્ડને ફરજ પડી હતી. સચિવાલયમાં છેલ્લા કેટલાક મહિનાઓથી એવું ચર્ચાય છે કે ૨૦૧૭માં જો ભાજપની સરકાર બનશે તો નાયબ મુખ્યપ્રધાન તરીકે પ્રદિપસિંહ જાડેજા અને જીતુ વાઘાણીને પસંદ કરાશે. સૌથી મોટું આશ્ચર્ય શંકર ચૌધરીનું છે કારણ કે સચિવાલયની ચર્ચાઓ તેમને મુખ્યપ્રધાન તરીકેના દાવેદારમાં મૂકે છે. લોજીક પણ એવું છે કે ભાજપ પાટીદાર, ક્ષત્રિય અને બક્ષીપંચની જ્ઞાતિઓને મહત્વ આપી રહ્યું છે...

સાવધાન- ઉત્તરપ્રદેશનું યુવા રાજકીય વાવાઝોડું ગુજરાત બાજુ પણ ફંટાઇ શકે છે

૨૦૧૭ના સિતારાઃ પ્રિયંકા અખિલેશ અને ડિમ્પલ...

સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનું ગઠબંધન જો સફળ રહ્યું અને ઉત્તરપ્રદેશમાં સત્તા આવશે તો ૨૦૧૭માં રાજકીય ફલક પર ઉભરતા ચહેરામાં ઉત્તરપ્રદેશના હાલના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને તેમના પત્નિ ડિમ્પલ યાદવ તેમજ કોંગ્રેસના સ્ટાર કેમ્પેઇનર પ્રિયંકા ગાંધીનો સમાવેશ થઇ જશે. એ ઉપરાંત ઉભરતી પાર્ટીમાં દિલ્હીના ચીફ મિનિસ્ટર અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનું સ્થાન નેશલન લેવલે આવી શકે છે, કારણ કે પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ઉત્તમ દેખાવ કરશે તેવું સર્વેક્ષણનું તારણ છે. ગુજરાતમાં હાલ બે મુખ્ય સિતારા કહી શકાય તેવા ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી અને પાર્ટીના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી છે. આ બન્નેના માથે વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીનો મદાર છે. પોત પોતાના ક્ષેત્રમાં બન્ને પહેલીવાર ટોચકમે આવેલા છે. નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં ભાજપની આ ચોથી ચૂંટણી છે. ઉત્તરપ્રદેશમાં જો પ્રિયંકા, અખિલેશ, રાહુલ અને ડિમ્પલ યાદવ- સક્સેસ થયા તો ગુજરાતની ચૂંટણીમાં તેઓ કોંગ્રેસના સ્ટાર કેમ્પેઈનર બને તો નવાઇ પામવા જેવું નથી.

દેશના ચૂંટણી કમિશનર એ.કે.જોતિ મુખ્ય ચૂંટણી કમિશનર પદ માટે હોટ ફેવરિટ

અમદાવાદમાં મેટ્રો નહીં તો ટ્રામ દોડાવો...

અમદાવાદને મેટ્રોરેલ મળતાં હજી વાર લાગશે પરંતુ ટ્રામ ઝડપથી મળી શકે છે. કોલકત્તામાં દોડતી ટ્રામ સર્વિસ એક બેનમૂન સર્વિસ છે. આ સર્વિસ અમદાવાદમાં મળે તો ટ્રાફિકની સમસ્યાનો હલ આવી શકે તેમ છે. ઓડાના પૂર્વ ચેરમેન દ્વારા કેન્દ્રની યુપીએ સરકારમાં તત્કાલિન રેલ્વેપ્રધાન લાલુ પ્રસાદ યાદવને ટ્રામનો પ્રોજેક્ટ મોકલી આપ્યો હતો પરંતુ તે દિશામાં કોઇ કાર્યવાહી થઇ નથી. અમદાવાદની કાલુપુર-સરખેજ મીટરગેજ લાઇન પર ટ્રામ દોડી શકે છે. આ પ્રોજેક્ટ માટે હાલના અંદાજ પ્રમાણે ૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. જો ટ્રામની મંજૂરી મોદી સરકાર આપે તો કાલુપુર થી સરખેજનો ટ્રાફિક હળવો બની શકે તેમ છે. હાલ જ્યાં રોડ માર્ગે પહોંચવું હોય તો એક થી દોઢ કલાકનો સમય થાય છે. હાલ આ ફાઇલ પર ચર્ચા વિચારણા શરૂ થઇ છે.

મોસાળમાં જનેતા પિરસનાર હોય તો શું જોઇએ...

મોસાળમાં જનેતા પિરસનાર હોય તો કોઇ ભૂખ્યો ન રહે... મોદીની દૂરંદેશી જોઇએ તો હાલના મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ ઝૈદીનો કાર્યકાળ જુલાઇ ૨૦૧૭માં પૂર્ણ થાય છે. તેમની જગ્યાએ ગુજરાત કેડરના ઓફિસર કે જેઓ હાલ ચૂંટણી કમિશનર તરીકે ફરજ બજાવે છે તે અચલકુમાર જોતિની શક્યતાઓ વધતી જાય છે. ૧૯૭૫ની બેચના જોતિ ગુજરાતના ચીફ સેક્રેટરી પર પરથી નિવૃત્ત થયા પછી તેમને ગુજરાતમાં વિઝિલન્સ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં મોદી સરકારે તેમને મે ૨૦૧૫માં ભારતના ચૂંટણી કમિશનર તરીકે નિયુક્તિ આપી દીધી હતી. ચૂંટણી પંચમાં તેઓ હાલ સિનિયર સ્થાન પર છે. જો તેમને ઓગષ્ટ ૨૦૧૭માં મુખ્ય ચૂંટણી કમિશનર બનાવવામાં આવે તો તેમનો સમયગાળો જાન્યુઆરી ૨૦૧૮ સુધી રહેશે એટલે કે ડિસેમ્બર ૨૦૧૭માં આવતી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ગુજરાતને યોગદાન આપી શકે તેમ છે.

કોંગ્રેસે ઝર નહીં મજબૂત ઉમેદવાર નક્કી કરે...

સત્તા હજી આવી નથી ત્યારે કોંગ્રેસમાં ચીફ મિનિસ્ટરના પદ માટે ધમાસાણ ચાલી રહ્યું છે. બે ડઝન વર્ષથી સત્તા વિમુખ રહેલી કોંગ્રેસના નેતાઓને આ વખતે અમે સત્તામાં આવીશું તેવા સ્વપ્ન આવે છે. સ્વપ્ન ખોટાં નથી પણ આ સ્વપ્ન સાચા ઠરે તે માટે કોંગ્રેસે તનતોડ મહેનત કરવી પડશે. કોંગ્રેસના સિનિયર રાષ્ટ્રીય નેતા અહમદ પટેલના શબ્દોમાં કહીએ તો "૨૦૧૭માં કોંગ્રેસ નહીં જીતે તો ફરી ક્યારેય સત્તા પર આવશે નહીં.. "જો આ વાક્યને શિલાલેખ માનીને કોંગ્રેસના નેતાઓ ચાલે તો ચીફ મિનિસ્ટર કોઇપણ બને, પહેલાં સત્તા આવવી જરૂરી છે તેવું જો પ્રત્યેક કોંગ્રેસમેન માને તો સત્તા મેળવવાનું સપનું સાકાર થઇ શકે છે. એના માટે દિન-રાત જોયા વિના મહેનત કરવી પડે. મોદીના નામની જગ્યાએ કોંગ્રેસ શું કરવાની છે તે જાહેર કરવું જોઇએ. મનભેદ અને મતભેદો દુર કરવા જોઇએ. ઉત્તમ ઉમેદવારોને ટીકીટ વેચવી નહીં પણ વિતરણ કરવી પડે. એકવાર ૯૨નો મેજીક ફિકર ફ્રોસ કેવી રીતે થાય તેની સ્ટેટેજી બનાવવી પડે, ત્યારબાદ ચીફ મિનિસ્ટરની ખુરશીના દાવેદારો આવે છે. અલબત્ત, કોંગ્રેસમાં સીએમના દાવેદારોમાં શક્તિસિંહ ગોહિલ, શંકરસિંહ વાઘેલા, ભરતસિંહ સોલંકી, તુષાર ચૌધરી અને અર્જુન મોઢવાડિયાના નામ ગણતરીમાં લઇ શકાય તેવા છે.